ટપક

E-MAGAZINE

Volume 3, Issue 1

April 2025

૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

સંસ્થા દ્વારા ચાલતા ઉત્તમ કપાસ કાર્યક્રમમાં સીસીએફ્સીના સહયોગથી ધોકડવા ખાતે ચાલતા બ્યુટી પાર્લર અને સણોસરી અને લાઠી ખાતે ચાલતા સીવણના તાલીમ વર્ગમાં સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમો યોજાયા જેમાં સંસ્થાના ડાયરેક્ટર અને અન્ય ટીમ મેમ્બર સાથે કાર્યક્ષેત્રની ટીમના સભ્યો પણ સહભાગી થયા. તાલીમાર્થી બહેનો તાલીમમાં શું શીખ્યા અને બીઝનેસ આગળ વધારવા કઈ રીતે પ્રયત્નો કરશે તે વિશે થોડા મંતવ્યો લેવામાં આવ્યા.






www.sskkamreli.org info@sskkamreli.org

**૧૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ લાઠી પ્રોજેક્ટના કેરીયા ગામમાં એફપીઓ સંદર્ભે ખેડૂત મીટીંગ યોજાઈ, જેમાં ૭૩ સ્થાનિક ખેડૂત, ૪૫ મહિલાઓ અને શેખપીપરીયા ગામના ૨ ખેડૂતોએ હાજરી આપી. જેમાં સંસ્થામાંથી હાજર રહેલ કાર્યકર મિત્રોએ એફપીઓનું મહત્વ, ફાયદા, સંગઠનની તાકાત અને મહિલાઓની ભાગીદારી અંગે વિસ્તૃત માહિતી આપી ચર્ચા કરી.**





**સંસ્થાના કાર્યકર મિત્રોએ તા. ૨૮ મી એપ્રિલ ૨૦૨૫ ના રોજ અમદાવાદ ખાતે ATMA અને અમાની સંસ્થા દ્વારા આયોજિત ફંડ ઊભું કરવા માટેના માસ્ટરક્લાસ મીટિંગમાં ભાગ લીધો હતો. આ મિટીંગ નવા જોડાણો બનાવવા એક મોટી તક હતી.**



ટપક E-MAGAZINE
Volume 3, Issue 1
April 2025

સંસ્થા દ્વારા ચાલતા બેટર કોટન પ્રોગ્રામમાં મહિના દરમિયાન દરેક પ્રોગ્રામ યુનિટમાં એલજી ખેડૂત મિટીંગ, મજુરો સાથે મિટીંગ, ટીમ ક્ષમતાવર્ધન તાલીમો, રેપીડ જમીન ચકાસણી માટે ખેડૂતોની તાલીમો, આઈઈસી મટીરીયલ્સની વહેચણી, એફજીડી, સ્ટાફ માસિક બેઠક, કેન્સર કેમ્પના રિપોર્ટનું વિતરણ, આબોહવા પરિવર્તન અંગેની તાલીમો વગેરે જેવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી.
















**બેટર કોટન અને એફએસ ઈમ્પેક્ટ ટીમ દ્વારા તા. ૪ અને ૫ એપ્રિલ ૨૦૨૫ ના રોજ જાફરાબાદ ફાર્મર પ્રોડ્યુસર કંપની અને અવિરત એગ્રો પ્રોડ્યુસર કંપનીની મુલાકાત કરવામાં આવી. જેમાં સિગમંડ ફ્લોરીયન, ઉત્પલ ચક્રવર્તિ, રીબેકા ઓવેન, હરદીપભાઈ દેસાઈ અને હેતલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.**










ટપક E-MAGAZINE
Volume 3, Issue 1
April 2025

**સ્નેહા નોલેજ સેન્ટર મુંબઈ સાથે ભવિષ્યની પાર્ટનરશીપ માટે એક ઓનલાઈન મિટીંગ તા.૨૩/૦૪/૨૦૨૫ના રોજ યોજાઈ.**




**તા. ૦૯/૦૪/૨૦૨૫ ના રોજ અમદાવાદના શ્રી નિષ્કલંકી ધામ પીરાણા ખાતે SPNF Association, GNFSU, GLPC અને MANAGE દ્વારા પ્રાકૃતિક કૃષિ કાર્યક્રમ યોજાયો જેમાં સમગ્ર ગુજરાતમાંથી ખેડૂત, સંયોજકો, ટ્રેનરો અને અગ્રણીઓ સહિત કુલ અંદાજે ૬૦૦ લોકો હાજર રહ્યા. આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકર કોમલબેન અને રશ્મિબેન હાજર રહ્યા હતા.**









## તા.૦૭/૦૪/૨૦૨૫ ના રોજ સંસ્થામાં ચાલતા બધા જ કાર્યક્રમોના સ્ટાફની માસિક મિટીંગ યોજવામાં આવી.








શ્રી હરિ કૃષ્ણ ફાર્મટેક દ્વારા દીવ મુકામે એફપીઓના સીઈઓ સાથે એક બેઠક યોજવામાં આવેલ જેમાં અવિરતમાંથી વિશાલ ભેડા અને જાપકો માંથી જેન્તી સરવૈયા હાજર રહ્યા હતા. આ બેઠકમાં જમીન સુધારણા, જૈવિક ખાતર, જૈવિક કીટનાશકો અને અન્ય ઉત્પાદનો અંગે માહિતી આપવામાં આવી. સાથે સાથે કંપની તેમના જૈવિક ઉત્પાદનો એફપીઓ મારફત વેચવા માંગે છે તેવી જાણકારી પણ આપવામાં આવી.





વાંડળીયામાં લેમ્પ કાર્યક્રમની અસરો જાણવા TCSRD અને AIF દ્વારા SMC, PRI, CE અને સંસ્થાના ટીમ મેમ્બર સાથે તા. ૧૧/૦૪/૨૦૨૫ ના રોજ મિટીંગ યોજાઈ.



ટપક E-MAGAZINE
Volume 3, Issue 1
April 2025

**ગોંડલ કાર્યવિસ્તારના ગામોમાં નવા વર્ષની શરૂઆતમાં કરવાની થતી કામગીરી જેવીકે ત્રિમાસિક આયોજન, વેન્ડર સાથે બેઠકો, અઠવાડિક મીટીંગો, અને ૧૩ ગામોમાં વિલેજ ડેવેલોપમેન્ટ કમિટીની મીટીંગો યોજવામાં આવી.**












આ મહિને APF-IADLE કાર્યક્રમ અંતર્ગત મહત્વપૂર્ણ પ્રવૃત્તિઓમાં સર્વે ટીમ સાથે ઓરિયન્ટેશન, પાંચ ગામોમાં બેઝલાઈન સર્વે અને ડેટા એન્ટ્રીની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી. ખજૂદ્રા ગામના સર્વેના વિશ્લેષણ અને અહેવાલ તૈયાર કરવામાં આવ્યા. સાથે સાથે માટી પરીક્ષણ, નારિયેળ વાવેતર અને જિપ્સમ ખાતરના ઉપયોગ માટે ગ્રામ્ય ખેડૂતો તથા એજન્સીઓ સાથે સંપર્ક સાધવામાં આવ્યો અને વેલ રીચાર્જના મૂલ્યાંકન માટે ફિલ્ડ વિઝિટ પણ યોજાઈ.













ટપક E-MAGAZINE

Volume 3, Issue 1

April 2025

## શ્રેષ્ઠ પાંચ સિદ્ધિઓ

અઝીમ પ્રેમજી ફાઉન્ડેશન સાથે જુન ૨૦૨૪ થી સંવાદ શરુ થયો હતો. પૂરી પ્રક્રિયાને શરૂઆતથી લઇ હાલ સુધી સતત સંવાદ, કોર્ડીનેશન, દસ્તાવેજીકરણનો પ્રથમ પ્રયાસ હતો, પ્રોજેક્ટ મળી શક્યો તે સહિયારા પ્રયાસ અને સંસ્થાના પ્રભુત્વના કારણે મળ્યો છે. પરંતુ સતત સંવાદ, કોર્ડીનેશન, દસ્તાવેજીકરણ બાબતે શ્રેષ્ઠ કાર્ય કરવાનો પ્રયાસ કરેલ છે. – જાનકી પંડયા

ખેડૂતો અને સંસ્થા સાથે પરામર્શ કરી એન્ટરપ્રિન્યોર તરીકે પસંદ થયેલ ખેડૂતની ૬૪૮૦૦ રૂપિયાની ઈનપુટ પ્રોડક્ટનું વેચાણ કરાવી આવકમાં વધારો કરાવેલ - અર્જુન ઝાંઝરુકિયા

કંપનીમાં ૫૦ લાખનું ટર્ન ઓવર કર્યું, સભાસદોને ઓર્ગેનિક ઈનપુટનો ઉપયોગ કરતાં કર્યા, કંપનીમાં સતત બીજા વર્ષ માટે ગિફ્ટ આપવી શક્ય બનશે. - જેન્તી સરવૈયા

એલજી લીડરની વાડીએ કામ કરતા મજૂરોના બાળકોને શાળાએ લઈ જવા માટે પ્રયાસ કર્યો. હાલ ૩ બાળકો નિયમિત શાળા જાય છે – બંસરી જાવિયા

આ વર્ષના અંતમાં ગરણીમાં મે અને મારા ખેડૂતે ભેગા મળી અડધા અડધા પૈસા કાઢી એક ઈનપુટ સેન્ટર બનાવ્યું. જેમાં પાનસડાના ખેડૂત (ઈનપુટ સેન્ટર આપેલ છે) તેણે અમને અળસિયા ફ્રી માં આપ્યા. જેથી આ વિસ્તારમાં અમને એક વધારાના ઈનપુટ સેન્ટરની સુવિધા મળી. – ભનુભાઈ ધ્રાંગીયા

અવિરતમાં નવા સભાસદો જોડ્યા તેને જોઈને અન્ય સભાસદો પણ જોડાયા અને અવિરતમાં મળતી વસ્તુઓ ખરીદતા થયા છે. આ વર્ષે સભાસદ સિવાય અન્ય ખેડૂતોએ પણ ૨૦ મણ જેટલી મગફળીના ઓર્ડર આપેલ છે. – મહેશ મયાત્રા

ગ્રામસેવક સાથે જોડાણ કરાવીને ખેડૂતોને દવાની બોટલો અપાવવામાં આવી. – ઈન્દુબેન શેલાર

સંસ્થામાં જોડાયા પછી મારે ખેતી ખર્ચમાં ઘટાડો થયેલ છે. - બેચર સવરા

Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here